**<u>મેં.ચાણસ્મા ના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ,મુ.ચાણસ્મા.</u>**

ક્રિમીનલ કેસ નં. ૪/2026
આંકઃ

**ફરિયાદીઃ–** – શ્રી સરકાર.

**વિરૂદ્ધ**

**આરોપીઃ–** ૧. વિક્રમજી જયંતીજી અમથાજી ઠાકોર
રહે. ચાણસ્મા, તા. ચાણસ્મા, જી. પાટણ

ગુનોઃ– – **જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબનો.**

<u>//ઠરાવ//</u>

૧. આજરોજ આરોપી અત્રેની અદાલતમાં હાજર થતાં પોલીસ પેપર્સની નકલો પૂરી પાડવામાં આવેલ છે અને આરોપીએ સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરતા તે અંગેની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે જેમાં પણ આરોપીએ ગુનો કબુલ કર્યા અંગેની કબુલાત કરેલ છે જેથી તેને સમજાવવામાં આવેલ છે કે તે ગુનાની કબુલાત કરવા બંધાયેલ નથી છતાં તે પોતાની કબુલાતને વળગી રહેલ છે.

૨. આરોપીએ અદાલત પાસે દયા કરવા અરજ કરેલ છે અને પ્રથમ ગુન્હો હોઈ અને તેને ગુનો કર્યાનો અફસોસ હોય તેમજ તેના ઉપર તેના કુટુંબની જવાબદારી હોઈ તેમજ નામ. વડી અદાલતે **<u>૨૦૦૫(૧) જી.એલ.આર. પેજ નં. ૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરીચંદ્રજી ઠાકોર</u>**ના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકત ધ્યાને લઈ નીચેની અદાલતને કાયદામાં દર્શાવવામાં આવેલી જોગવાઈઓ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. વધુમાં, આરોપી દયાની માંગણી કરતો હોય તે ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -: <u>આખરી હુકમ</u> :-

આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૭૫ અન્વયે જી.પી.એકટ કલમ-૧૩૫ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી, **જી.પી.એકટ કલમ-૧૩૫** ના ગુનામાં **રૂા. ૧૦૦/-** (અંકે રૂપીયા એકસો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો દંડ ન ભરે તો દિન-૧૦ ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

આરોપીએ **રૂા. ૧૦૦/-(અંકે રૂપીયા એકસો પુરા)** દંડ ભરવાનો રહેશે.

મુદ્દામાલ નો અપીલ સમય બાદ નાશ કરવો.

હુકમ આજરોજ તારીખ **૧૧મી** માહે **જુલાઇ,** સને **૨૦૨૬** ના રોજ નેશ્નલ લોક અદાલતમાં, સ્પેશ્યલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ- ૧૧/૦૭/૨૦૨૬
સ્થળ - ચાણસ્મા.

**( આર.એમ.ચાવડા )**
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ચાણસ્મા
કોડ નં. જી. જે. ૦૧૫૨૪